Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible]

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

અશાડ

પુસ્તક ૭૨ મું
અંક ૯ મો
૧૦ મી જુલાઇ.

વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨
ઈ. સ. ૧૯૫૬

दुमपत्तए पंडुअए जहा,
निवडइ राइगणाणमच्चए ।
एवं मणुआण जीविअं,
समयं गोयम! मा पमायए ॥१॥

દિવસ-રાત્રિના સમૂહો પસાર થયે છતે-કાળ પૂરો થવાથી પાકીને પીળું-જીર્ણ થઇ ગયેલું પાંદડું વૃક્ષ પરથી પડી જાય છે તેમ મનુષ્યોનું જીવિત પણ આયુષ્ય પૂર્ણ થઇ જવાથી નષ્ટ થાય છે, માટે હે ગૌતમ! એક સમયમાત્રનો પણ પ્રમાદ ન કરીશ.

कुसग्गे जह ओसबिंदुए,
थोवं चिट्ठइ लंबमाणए ।
एवं मणुआण जीविअं,
समयं गोयम! मा पमायए ॥२॥

દર્ભ-તૃણના અગ્રભાગ પર અવલંબીને રહેલ ઝાકળનું બિંદુ થોડીવાર જ રહી શકે છે-પવનનો એક સપાટો આવતાં જ નાશ પામે છે, તેજ પ્રકારે મનુષ્યનું જીવન પણ ક્ષણવિનશ્વર સમજીને હે ગૌતમ! સમયમાત્રનો પણ પ્રમાદ ન કરીશ.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્ય. ૧૦, શ્લોક ૧-૨

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૨ મું :: વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

## અનુક્રમણિકા


૧ શ્રી પાર્શ્વજિન સ્તવન .... .... ( મુનિરાજશ્રી લક્ષ્મીવિજયજી ) ૧૧૩
૨ પુષ્પમાળા .... .... ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૧૧૪
૩ શ્રી વર્દ્ધમાન-મહાવીર : ૧૩ .... .... .... ( સ્વ૦ મૌક્તિક ) ૧૧૫
૪ સમુદ્ર-વહાણ સંવાદ : ૫ .... ( પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય ) ૧૧૯
૫ ચાર અનુયોગસ્થાપક દશપૂર્વી .... ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૧૨૨
૬ શાસ્ત્રીય આજ્ઞા બૌદ્ધિક વિચારણાને જ
આધીન નહીં હોવી જોઈએ .... .... ( માસ્તર ફુલચંદ કેશવલાલ ) ૧૨૫
૭ ભાવના .... .... ( શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી ) ૧૨૭
૮ પુસ્તકોની પહોંચ .... .... .... .... .... ૧૨૮



પવિત્ર પર્યુષણ પર્વમાં આરાધના માટે અતિ ઉપયોગી પ્રકાશનો

## ૧. અક્ષયનિધિ તપ વિધિ

પર્વાધિરાજ પર્યુષણને લગતાં દિવસોમાં આ તપનું સારી સંખ્યામાં આરાધન કરવામાં આવે છે. શ્રાવણ વદ ચોથથી શરૂ કરીને ભાદરવા સુદિ ચોથ એટલે કે સંવત્સરીના દિવસે આ તપની પૂર્ણાહુતિ કરવામાં આવે છે. આ પુસ્તકમાં અક્ષયનિધિ તપની સંપૂર્ણ વિધિ, ચૈત્યવંદન, સ્તવન, પૂજાની ઢાળ, ખમાસમણના દુહા, અક્ષયનિધિ તપનું મોટું સ્તવન તથા છંદો, આ તપથી મનવાંછિત સિદ્ધિ પ્રાપ્ત કરનાર સુંદરીની રસિક કથા વિગેરે પણ આપવામાં આવેલ છે.

**મૂલ્ય માત્ર ત્રણ આના**

વિશેષ નકલો મગાવનારે પત્રવ્યવહાર કરવો. લખો:—**શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર**

## ૨. વિધિ સહિત પાંચ પ્રતિક્રમણ સૂત્ર

પ્રતિક્રમણ સૂત્રો નહીં જાણનાર તેમજ પ્રતિક્રમણની વિધિથી અજાણ ભાઈ-બહેનો માટે આ પુસ્તક અતિ ઉપયોગી છે.

આ પુસ્તક વાંચી જવાથી આપોઆપ પ્રતિક્રમણ થઈ શકે તેવી પદ્ધતિથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વાંચતા જાવ અને પ્રતિક્રમણ થતું જાય. ખપીજીવોએ તુરતજ આ પુસ્તક મંગાવી લેવું. મૂલ્ય માત્ર રૂપિયા બે.

લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૭૨ મું
અંક ૯

અશાડ

વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨

તાલધ્વજગિરિમંડન

## શ્રી પાર્શ્વજિન સ્તવન

( પ્રેમે વંદું સ્વામીનાથ (૨) એ રાગ )

સુણો પ્રભુ પાર્શ્વનાથ (૨) આપ બેઠા તાલધ્વજગિરિ;
હેતે ગ્રહો મુજ હાથ (૨) નેહ નજર પ્રભુજી કરી. ૧

રખડ્યો ભવ અનંત (૨) તુમ દરિશન પ્રભુ ન મળ્યું;
ઉધરાવ્યું ઢાંકણીમાંય (૨) આખી રાતનું દળ્યું. ૨

મોહાદિક રિપુ ચાર (૨) છૂટો ન મૂકે એક ઘડી;
વિષય સેવ્યા અપાર (૨) મારી ભૂલ મુજને નડી. ૩

તુજ દરિશનથી આજ (૨) ભાગ્ય ઉદય મારું થયું;
પામ્યો સમકિત આજ (૨) મિથ્યા તિમિર ઊડી ગયું. ૪

હવે કરું તુજ સેવ (૨) બોધિબીજ આપો મુજને;
આપો મોક્ષ તતખેવ (૨) વિનવી કહું પ્રભુ તુજને. ૫

પૂરો માહરા કોડ (૨) વામા માતાના નંદ છો;
ભાસ્કર કહે કર જોડ (૨) પ્રભુજી આનંદકંદ છો. ૬

—મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુષ્પ માળા

શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

(વિવિધરંગી અને વિવિધગંધી ફૂલો જ્યારે ઐક્ય થઈ માળારૂપે થાય છે ત્યારે તે ભક્તિ, માંગલ્ય અને ભવ્યતાના પ્રતીક તરીકે ગણાય છે. એ દૃષ્ટાંતથી ઐક્યનું મહત્વ બતાવ્યું છે.)

(ભુજંગપ્રયાત)

રચી પુષ્પમાળા સુરંગી સુગંધી, લઈ પુષ્પ નાના ગુણોના પ્રબંધી;
ગુણે[1] સર્વ ગૂંથ્યા કર્યાં એક રૂપ, હતા જેમના રૂપ નાના સ્વરૂપ. ૧
કોઈ શ્વેત પુષ્પો હતા દૂધ જેવા, હતા કોઈ પુષ્પો પીળા કેશરી વા;
કેઈ રૂપ ધારે ઘણા તામ્ર લાલ, ઊડ્યો છે હવામાં દિસે જે ગુલાલ. ૨
ગુલાબી ધરે રંગ કોઈ સુપુષ્પો, ગમે નેત્રને પૂર્ણ આનંદ રૂપો;
કોઈ શ્યામ આકાશ રંગી સ્વરૂપે, કોઈ નીલિમા શ્યામલાંગી પ્રકર્ષે. ૩
સુપુષ્પો કોઈ ધારતા સ્વર્ગગંધ, ગમે દેવને દિવ્ય આનંદ છંદ;
કરે ભૃંગ ગુંજારવે નૃત્ય મંદ, ધરે અલ્પ કેઈ નિજાંગે સુગંધ. ૪
હતા કેઈ નિર્ગંધ શોભા ધરે જે, હળીને મળીને સ્વભાવે રહ્યા છે;
જુદા રૂપ ધારે જુદા ગંધ આપે, તથાપિ સ્વભાવે સ્વયં ઐક્ય થાપે. ૫
ગુણે બાંધીયા સૌ થયા એકરૂપ, ખરા સ્નેહભાવે ભૂલ્યા ભિન્ન રૂપ;
ભલે હો જુદા ભાવ ભિન્ન સ્વરૂપ, રહો એકતા ધારતા એક ભાવ. ૬
ઘણા પુષ્પ ભેળી બની એક માળા, થયા ઐક્ય ભાવે ભલા ચિત્તવાળા;
ગમે સર્વને માલિકા શુદ્ધ ભાવે, ભલી શોભતી માન્ય જે લોકમાંહે. ૭
જઈ જેહ બેઠી પ્રભુ કંઠમાંહે, તદા ભાવના આત્માની ઉચ્ચ થાએ;
ગુણે એ કર્યો એકતાનો ઉપાય, થયો ભાવિકોનો ઘણો શુદ્ધ ભાવ. ૮
પતિ કંઠ ઘાલે વધુ પુષ્પમાળા, સમર્પે સ્વસર્વસ્વ પાએ સ્વચાલ;
થતા એકરૂપી સુમાંગલ્ય ભાવે, બની પુષ્પની માળ અદ્વૈત થાવે. ૯
યશસ્વી બને કોઈ નિઃસ્વાર્થ ભાવે, સહુ લોકમાં તેહ સન્માન પાવે;
ગુણે ગૂંથણીથી સ્વયં પુષ્પમાળા, ગળે સ્થાન પામે બની પુણ્યમાળા. ૧૦
ઘણા માનની એ નિશાની ગણાએ, સમષ્ટી[2] સ્વરૂપે થતા વ્યક્તિ ભાવે;
ભલે હોય વૈવિધ્ય[3] થઇ એકરૂપ, સમષ્ટીબળે સાધતું ભવ્ય રૂપ. ૧૧
થજો ભવ્ય પુષ્પો સ્વયં પુષ્પમાળા, થશે તેહથી ભવ્ય ઉત્થાન[4] માલા;
ખરો દુંદુભી નાદ ગર્જારવેથી, થશે ગુંજશે જૈન પૃથ્વી તળેથી. ૧૨
છૂટા પુષ્પ ભેગા કરો એક હાથ, કરો ગૂંથણી જૈન સૂત્રત્વ સાથ;
પછી વાગશે જૈન ડંકો અનેરો, ધરે એમ બાલેન્દુ સદ્ભાવ સારો. ૧૩

---

૧ સૂત્ર અથવા સારા ગુણો. ૨ સમાજ. ૩ વિવિધપણું. ૪ ઉન્નતિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

(૧૩)

પુષ્પકરંડક ઉદ્યાનમાં આ રીતે વિશ્વભૂતિ પોતાની પત્નીઓ, દાસદાસીઓ અને નોકર–ચાકરો સાથે જામી ગયો તે વખતે એક બનાવ બન્યો, તેણે આ જમાવેલ આનંદમંગળમાં મોટો ખતરો નાખી દીધો. હકીકત એમ બની કે વિશ્વભૂતિ પોતાના પરિવાર સાથે ત્યાં આનંદ કરતો હતો તે વખતે મહારાણી પ્રિયંગુની દાસી પુષ્પકરંડક ઉદ્યાનમાં મહારાણી માટે ફૂલ લેવા આવી. એણે તો પ્રવેશદ્વાર ઉપરથી જોઈ લીધું કે ઉદ્યાનમાં તો મોટી ધમાલ ચાલી રહી છે. એણે દ્વારપાળને પૂછ્યું એટલે વિશ્વભૂતિના વિનોદની અને હાજરીની હકીકત જાણી. એ ફૂલ–ફળ કે કાંઈ પણ લીધા વગર પાછી ફરી અને મહારાણી પ્રિયંગુને જણાવ્યું: "દેવી! જ્યાં સુધી નંદનવન જેવા ભવ્ય પુષ્પકરંડક વિમાનમાં તારો પુત્ર વિલાસ ન કરે, ત્યાં સુધી તારા વૈભવનો કે જીવનનો હું તો કાંઈ અર્થ સમજતી નથી. આપણા રાજમાં અત્યારે તો રાજકુમારો રખડી જાય છે અને ફટાયા ફાટગે જાય છે. આવું ઉદ્યાન તે રાજયુવરાજ માટે હોય કે એમાં ગમે તે ઘૂસી જાય?"

આટલું કહી દાસી તો ખસી ગઈ. મોટો ભડકો કરવા માટે અગ્નિની એક ચીનગારી બસ થાય છે. દાસી ખાલી ટોપલીએ પાછી આવી અને ત્યાં દિયરનો પુત્ર લીલાલહેર કરે છે એટલે મહારાણીના દિલમાં ગડમથલ ચાલી. એણે એના નિવારણ માટે વિચિત્ર રસ્તો લીધો. એણે ખાવાપીવાનું બંધ કર્યું, સાદાં વસ્ત્રો પહેરી લીધાં અને રાજમહેલની બાજુમાં પણ રાજમહેલના એક ભાગ તરીકે રાખેલા કોપગૃહમાં એ ગઈ અને જાણે પોતાને ઘણો ગેરઈન્સાફ થયો છે અને પોતાને મનમાં બહુ દુઃખ લાગ્યું છે એમ બતાવવા એણે સ્નાનાદિ શરીરસત્કાર પણ છોડી દીધાં, શોકનાં વસ્ત્રો ધારણ કર્યાં અને મુખ પર ગ્લાનિ અને શોક બતાવવાના ઢોંગઢોંગ શરૂ કરી દીધા. રાજકુળોમાં રીસામણાની ખાસ રીતિ અને પદ્ધતિ હોય છે. એના બહુ બહુ પ્રકાર છે. રીસામણાં–મનામણાંના પ્રસંગ રાજદરબારમાં અને ખાસ કરીને રાજકુટુંબમાં ઘણા આવે છે અને એની રીતભાતો ઘણીવાર કુતૂહલ ઉત્પન્ન કરે તેવા હોય છે કેટલીક વાર રાણીઓ, કોઈ વાર રાજકુમારો વર્ષો સુધી રીસામણે જાય છે. પાછાં એનાં મનામણાં ચાલે છે. કોપગૃહમાં જઈ બેસવું એ રીસામણાની એક રીત છે અને આવા અલગ કોપગૃહ રાખવાની સગવડ પણ રાજગૃહમાં જ શક્ય બને છે.

વિશ્વનંદી મહારાજાને રાણી પ્રિયંગુ પર ભારે પ્રેમ હતો. રાણી રીસાઈ હોય એવો પ્રસંગ એના જીવનમાં અત્યાર સુધી કદી બન્યો નહોતો. એણે બહારથી આવતાં જાણ્યું કે રાણી તો કોપગૃહમાં ગયા છે અને શોકથી વિહ્વળ થઈ ગયા છે. મહારાજા વિશ્વનંદીને ભારે આઘાત થયો. કોપગૃહ સુધી પહોંચતાં રાણીના કોપનાં કારણો કલ્પવાની ભારે મથામણ કરી, પણ એના ખ્યાલમાં કાંઈ પણ કારણ આવ્યું નહિ. રાજા પોતે પોતાનાં કપડાં ઉતારી છડેવેશે કોપગૃહ તરફ ગયા અને મ્લાન વદનવાળી રાણીને દૂરથી જોઈ રહ્યા. જીવનભર જેને મતભેદ કે કંકાસ ન થયો હોય તે વરસોના આંતરા પછી પહેલી વખત પોતાની સહચરીને કોપથી હેરાન થતી જુએ ત્યારે એના મનમાં કેવી લાગણી થાય એ કલ્પી સકાય તેવું છે. એ તો સીધો મહારાણી પ્રિયંગુ પાસે ગયો.

રાણી સાથે વાત કરતાં લગભગ એક ઘડી જેટલો કાળ નીકળી ગયો, ત્યાર પછી રાણી કાંઈક સીધી વાત કરવા લાગી. સ્ત્રી કોપે ત્યારે તેને મનાવવા–પટાવવામાં અનેક પ્રકારની રીત વાપરવી પડે છે અને ત્યારે જ કાંઈક સીધા અને સમજાય તેવા જવાબ મળે છે.

**વિશ્વનંદી**–"પણ એવી મોટી આફત શી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી છે કે કોઈ દિવસ નહીં અને આજે આવો તોબરો ચઢાવી બેઠા છો? જરા દિલ ખોલીને વાત કરો તો કાંઈ સમજ પડે."

પ્રિયંગુ–"તમને મારું મોઢું જ ક્યાં ગમે છે? ખાલી ઉપર ઉપરના મલાવા કરીને મને શું કામ બાળી મૂકો છો? મારું તો જીવતર જ નકામું છે" (આમ બોલીને આંખોમાંથી શ્રાવણ ને ભાદરવો વરસાવવા માંડ્યા)

વિશ્વનંદી–"પણ આમ ને આમ ચબરક વાત ક્યાં સુધી ચલાવે રાખશો? કાંઈ અલંકારો કે વસ્તુઓની કમીના પડી ગઈ? કોઈએ અપમાન કર્યું? કોઈ સ્વજનના સંબંધમાં દુઃખદાયક સમાચાર આવ્યા? છે શું તે દિલ ખોલીને તો કહો કાંઈક ખબર પડે."

પ્રિયંગુ–"મારે પુષ્પકરંડક બગીચો જોઈએ."

વિશ્વનંદી–"પણ પુષ્પકરંડક બગીચો તો આપણો જ છે ને?"

પ્રિયંગુ–"એમ નહિ, ત્યાં કુમાર વિશાખનંદી ક્રીડા કરે એમ થવું જોઈએ. એ બગીચાનો ઉપભોગ યુવરાજ કરે."

વિશ્વનંદી–"આ તું શું બોલે છે? વિશ્વભૂતિ હાલ ત્યાં રહે છે. આપણો કુલક્રમાગત નિયમ છે કે એ ઉદ્યાનમાં એકની સ્થિતિ હોય ત્યારે અન્યનો પ્રવેશ હોય નહિ, આ વાત જાણીતી છે, તારા ખ્યાલમાં છે, છતાં આવાં ગાંડા શા માટે કાઢે છે?"

પ્રિયંગુ–"મને ખાતરી જ હતી કે આપ મને બોલી જ પાડશો. એ ઉદ્યાન તો વિશાખનંદી માટે જ રહેશે, કાં તો વિશ્વભૂતિ નહિ અને કાં તો હું નહિ."

વિશ્વનંદી–"પણ દેવી! તને આજે શું થયું છે? તું વિશ્વભૂતિ અને વિશાખનંદીમાં તફાવત જુએ છે? અને એ વિશ્વભૂતિ ત્યાં રહેતો હોય તેને મારાથી ના પણ કેમ કહેવાય? જરા સમજણથી વાત કર તો રસ્તો થાય."

પ્રિયંગુ–"મને તો ખાતરી જ હતી કે આપનો મારા પર રાગ જ નથી. મારી નજીવી માંગણીનો પણ આપ સ્વીકાર કરતા નથી, કારણ કે આપનો મારા પર સ્નેહ જ નથી. હવે હું ધરાઈ ગઈ આવી. મારે તો બગીચો જોઈએ જ. મારો પુત્ર ત્યાં ક્રીડા કરે અને મારી દાસી ત્યાંથી ફળ-ફૂલ લાવે તો હા, નહિ તો ના. ખાલી પ્રેમની મીઠી મીઠી વાતો અને ઉપર ઉપરના મલાવા છોડી દો અને કાં તો કામ કરી દો, નહિ તો તમે મને આવતી કાલે જીવતી નહિ જુઓ."

રાજાએ જોઈ લીધું કે ગમે તે કારણે વાત એકદમ વધારે પડતી થઈ ગઈ છે. મહારાણીએ આજે જીદ લીધી છે તે કોઈ રીતે છોડે તેમ નથી. અને વિશ્વભૂતિ જેવા ભોળા બળવાન ભત્રિજાને ચીડવવાનું કે અન્યાય કરવાનું કાંઈ કારણ નથી. એણે (વિશ્વભૂતિએ) કોઈ રાજનિયમ કે આજ્ઞાનો ભંગ પણ કર્યો નથી કે એને કાંઈ કહી શકાય!

પણ આ મહાદેવીને થયું છે શું? એ તો આગ્રહ પકડીને બેસી ગઈ છે. કાં તો બગીચો અથવા તો પોતાનો જીવ! નજીવી બાબતમાં વાત જીદ પર ચઢી ગઈ જણાય છે અને સ્ત્રીહઠ એ એવી ચીજ છે કે એ એક વાર વાત લઈને બેસે, પછી તો ગમે તેટલી અગવડે પણ એ કર્યા વગર અટકે જ નહિ. અને એ તો અત્યારે જીવ પર આવી ગઈ છે! આવી સામાન્ય બાબતમાં મરવા સુધીની વાત કરે એ પણ આશ્ચર્ય!

પણ ત્યારે કરવું શું? આ દેવીની આંખો અને વિહ્વળતા જોઉં છું ત્યારે મને તો શુંનું શું થઈ જાય છે. અને ભાઈ વિશાખભૂતિ આ વાત જાણે તો તે મારે માટે શું ધારે? આટલા વખતથી એક ભાણે જમનાર ભાઈને અને તેના પુત્રને મારાથી ગેરઇનસાફ કેમ થાય? પણ ત્યારે આ મહારાણીનું શું? એની આંખમાં આંસુની ધાર જોઈને મારું તો કાળજું કપાઈ જાય છે. મહારાણીને સમજાવવા રાજાએ ઘણાં મીઠાં વચનો કહ્યાં, અનેક પ્રકારે શાંત કરવા સૂચનો કર્યાં, પણ રાણી તો એકની બે ન જ થઈ. કાં તો પુષ્પકરંડક ઉદ્યાનમાં મારો દીકરો વિલાસ કરે અને નહિ તો કાલે સાંજે તમે મને ચિતામાં પોઢેલી જોશો.'–આવો છેવટનો જવાબ લઈ રાજા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોપગૃહમાંથી ચાલી નીકળ્યો. રાણીએ વાત દરમ્યાન પોતાનો નિશ્ચય અફર બતાવ્યો, નાની વાતે મોટું રૂપ લઇ લીધું છે એમ મહારાજા વિશ્વનંદીને ચોક્કસ લાગ્યું, પણ એના ખ્યાલમાં હતું કે જીદ પકડે ત્યારે સ્ત્રી કોઇથી લીધી જાય જ નહિ. આવી સ્ત્રીહઠ સામે પોતે રાજહઠ કરે તો કરી શકે, પણ રાણીના દૃઢ નિર્ણય અને અવાજ પરથી એને લાગ્યું કે વાતને જો તાણવામાં આવશે તો તૂટી જશે. અને કોઇ પણ ભોગે પોતે રાણીને ખોઇ બેસવા તૈયાર નહોતો. ખૂબ પ્રેમ-સ્નેહથી જીવન ગાળેલ રાજાને આ કારમો પ્રસંગ હતો, અભૂતપૂર્વ હતો, અનનુભૂત હતો. અત્યંત મ્લાન વદને મહારાજા વિશ્વનંદી કોપગૃહની બહાર નીકળ્યા અને કોઇ જાતનો નિશ્ચય ન કરી શકવા માટે ખેદ ધરતાં રાજસભામાં ગયા.

વિશ્વનંદી મહારાજાએ તુરત પોતાના મંત્રીઓને હકીકત જણાવી. કુશળ મંત્રીઓ સર્વ હકીકત અનુમાનથી સમજી ગયા. ઇર્ષા કેવી ચીજ છે અને એને સંકોરીને દાસદાસીઓ કેવી કેવી જાતની અતિશયોક્તિ કરી જાગતી રાખે છે એવી કલ્પના કરી. તેમણે રાજાને ધીરજ રાખવા કહ્યું. પોતામાંથી એક બે રાણી પાસે જઇ આવ્યા, પણ મહારાણી તો અત્યારે જીવ પર આવી ગયાની વાત કરતી હતી. વાત તો તદ્દન દમ વગરની હતી, પણ માણસનું મન જ્યારે 'એક વેન પર ચઢી જાય છે ત્યારે પછી એ સર્વ વિવેક કે મર્યાદા ચૂકી જાય છે. રાણી અત્યારે વેન પર ચઢી ગઇ છે એટલું જ નહિ, પણ પાકે હઠે ચઢી જીવ પર આવી ગઇ છે એમ તેમને જણાતાં પાછા મહારાજા પાસે આવ્યા.

આ બાજુ મહારાજાને લાગ્યું કે-કુળક્રમાગત નિયમ પ્રમાણે એક ભાઇ બગીચામાં વિલાસ કરતો હોય ત્યારે ત્યાં બીજો ભાઇ જાય નહિ. એટલે અત્યારે વિશ્વભૂતિને બોલાવી લેવાય એમ પણ નહોતું અને વિશાખનંદીને ત્યાં મોકલી શકાય તેવું પણ નહોતું. ભારે ગૂંચવણ ઊભી થઇ. રાણી પાછી હટે તેમ ન હોતું અને મહારાજા અન્યાય આચરે તેમ પણ નહોતું. આવા પ્રસંગ ઉપર તેમણે એક કૌટિલ્ય નીતિનો આશ્રય લીધો. તેઓ જાણતા હતા કે વિશ્વભૂતિ એક પાકો લડવૈયો હતો. એને ઉદ્યાનમાંથી બહાર કાઢવાની જરૂર હતી, પણ સીધી રીતે એને કહેવરાવી શકાય તેમ નહોતું. એ ભારે બળવાન અને મહાન્ યોદ્ધો હતો અને રાજા અને રાજ્ય તરફ એની ભક્તિ હતી, પણ એ કોઇ પ્રકારનું અપમાન સહન કરી શકે તેવો નહોતો. એ સીધો સરળ, સામે ઘા કરનારો; પણ સેવક થાય તો ટીકરા આપે તેવો અને સામે પડે તો ઘાણ કાઢી નાખે તેવો મક્કમ હતો. આ બાજુ રાણી સમજાવી સમજે તેમ નહોતી અને રાણી કાંઇ આડુંઅવળું કરી બેસે તો રાજાના મન પર તેની શું અસર થાય અને રાજા ચક્કરે ચઢી જાય તો રાજ્યમાં કેટલી દુર્વ્યવસ્થા થઇ જાય તેની કલ્પના કરી તેમણે વિશ્વભૂતિને બગીચામાંથી બહાર ખેંચી લાવવા માટે શું કરવું અને રાણીનો જીવ બચાવવા શો રસ્તો લેવો તેની મૂંઝવણભરી વિચારણા કરી.

કેટલીક ગડમથલ અને ચર્ચા કર્યા પછી તેઓએ એક આખો પાસો ગોઠવ્યો. મહારાજા પોતે પણ આખી યોજનામાં સંમત થયા, રાણીએ તે યુક્તિનું પરિણામ કલ્પી લીધું અને ભોજનત્યાગ અને રીસામણાં મૂકી દીધાં.

હકીકત એવી ગોઠવી કે બીજે દિવસે સવારે રસ્તાના થાકેલા દેખાતા બે, ચાર પુરુષો કાગળો-લેખો લઇને મહારાજા પાસે હાજર થઇ ગયા. તે કાગળમાં જણાવ્યું હતું કે-સીમાડા ઉપરના મંડલાધિપ **પુરુષસિંહે** ઉપાડો લીધો છે, એ ગામડાના લોકોને ખૂબ સતાવી રહ્યો છે અને તેણે મહારાજા વિશ્વનંદી સામે ઉઘાડો બળવો જાહેર કર્યો છે. આ આખી હકીકત બનાવટી હતી, કારણ કે મંડળેશ્વરોમાં પુરુષસિંહ સર્વથી વધારે વફાદાર હતો, ઘણી મોટી રીયાસતવાળો હતો અને રાજ્યનો ખરો સેવક હતો. મહારાજા વિશ્વનંદીએ આ સમાચાર વાંચી લશ્કર તૈયાર કરવાનો હુકમ આપ્યો, રણની ભેરી વગડાવી, હાથી, રથ, પાયદળ, ઘોડા તૈયાર કરવાના હુકમો છોડ્યા અને પુરુષસિંહ મંડળાધિપને ઠેકાણે લાવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજા પોતે લશ્કર સાથે હાથી પર બેસી કૂચ કરવાના છે એવી વાત વહેતી મૂકી.

અસલના વખતમાં લડાઇની વાત થાય એટલે આખું નગર હાલકલોલ થઇ જતું હતું. લગભગ દરેક યુવાન લશ્કરી તાલીમ લેનાર હોઇ ચાલુ લશ્કર બહુ થોડું રાખવાનો રિવાજ હતો, પણ લડાઇનું રણશીંગું વાગે એટલે સશક્ત યુવાન સર્વ તૈયાર થઇ જાય એવી વ્યવસ્થા હતી. આખા શહેરમાં દોડાદોડી અને ધમાલ શરૂ થઇ ગયા. બીજે જ દિવસે કૂચ કરવાની જાહેરાત થઇ અને લોકો હાંફળાંફાંફળાં થઇ પોતપોતાનું લડાઇ વખતનું સ્થાન લેવાની ખટપટમાં પડી ગયા એ યુગમાં લડાઇ એટલે આખા રાજ્યમાં ધમાલ, ઉશ્કેરાટ અને વાતનો એક જ વિષય. અને આવી વાત આખા ગામમાં પવનની માફક ફેલાઇ જાય, વગર નોતરે લોકો એકઠા થઇ જાય અને નાની વાતને અનેક વખત આકરું કે મોટું રૂપ પણ મળી જાય.

પુષ્પકરંડક બગીચામાં ગાનતાન-ગુલતાનની વચ્ચે લહેર કરતાં વિશ્વભૂતિની પાસે મંડળેશ્વર પુરુષસિંહના બળવાના સમાચાર પહોંચ્યા. એ પુરુષસિંહને બરાબર પીછાનતો હતો. આવો નિમકહલાલ વફાદાર રાજસેવક બળવો ઉઠાવે એ વાત માનવાની સાફ ના પાડી, સમાચાર લાવનારા પાગલ બની ગયા છે એવી એણે ટીકા કરી અને પોતે તો પાછા વિલાસવૈભવમાં પડી ગયા. વળી બે ઘડી પછી સમાચાર મળ્યા કે મહારાજા વિશ્વનંદી પોતે પ્રયાણ કરી રહ્યા છે, લશ્કરી તૈયારીઓ મોટા પાયા પર ચાલુ થઈ ગઇ છે, અને આખું નગર લડાઇ અને કૂચની જ વાતો કરે છે.

વિશ્વભૂતિ ભડવીર યોદ્ધો હતો, એનામાં ક્ષાત્રતેજ હતું, એટલે જેવી એણે પ્રયાણની વાત સાંભળી કે પોતે પુષ્પકરંડક ઉદ્યાનમાંથી સીધો મહારાજા વિશ્વનંદી પાસે ગયો. મહારાજા વિજયપ્રયાણ માટે હાથી પર બેસવાની તૈયારીમાં હતા. વિશ્વભૂતિએ પ્રણામ કરી હકીકત પૂછી. મહારાજાએ જણાવ્યું કે 'સરહદ પરથી પુરુષસિંહના આક્રમણના પાકા સમાચાર આવ્યા છે. આપણે લડાઇ કરી વડીલે આપેલ પૃથ્વીમાં વધારો કરીએ કે નહિ તે જુદી વાત છે, પણ જે મંડળો પર આપણી સત્તા કાયમ છે તેને ખોઇ બેસવાનો વેપાર તો કેમ પોસાય? અત્યારે તો લડાઇ કરી પૃથ્વી ઘેર કરવાનો વખત છે, તે વાત તો બાજુએ રાખીએ; પણ હોય તે ગુમાવી બેસીએ તો તો આપણો અપયશ થાય, માટે ભાઇ વિશ્વભૂતિ! રણાંગણે ચઢી પુરુષસિંહને ઠેકાણે લઇ આવવો એ મને કર્તવ્ય લાગે છે.'

વિશ્વભૂતિ સરળ હતો, એનામાં પાપ કે કપટ નહોતું. એણે સહજભાવે જવાબ આપ્યો-'મુરબ્બી! તાત! પુરુષસિંહ તો આપણને ખૂબ વફાદાર હતો. હજુ ગયા માસમાં મને મળ્યો ત્યારે પણ તેણે ખૂબ પ્રેમ અને વફાદારી બતાવ્યાં હતાં. પણ એવા એક સામંત કે મંડલેશ્વરને ઠેકાણે લાવવાની આપને તસ્દી લેવાની શી જરૂર છે. એ ગમે તેટલો તોફાને ચઢ્યો હશે તો તેને હું સપાટામાં ઠેકાણે લઇ આવીશ. આપને વૃદ્ધ વયે તસ્દી લેવાની જરૂર ન હોય. મને આદેશ આપો, હું એ કામ આપના પ્રતાપે સિદ્ધ કરી આવીશ. આપ રાજધાનીમાં રહી પ્રજાસેવા અને ભક્તિ-પૂજા કરો. આપના આશીર્વાદથી હું કામ કરી આવીશ.'

રાજાએ કૃત્રિમ ભાવ બતાવ્યો, વિશ્વભૂતિના પરાક્રમની સહજ પ્રશંસા કરી અને પુરુષસિંહ પાસે આજ્ઞાનો સ્વીકાર કરાવવાનું કામ ભત્રીજા વિશ્વભૂતિને સોંપ્યું. વિશ્વભૂતિને આશ્ચર્ય લાગ્યું. પુરુષસિંહની વફાદારીની એને ખાતરી હતી, પણ જાતે લશ્કરી સ્વભાવનો બહાદુર યોદ્ધો હોઇ એને વાતમાં જરા પણ શંકા પડી નહિ. એ તો તુરત પ્રયાણને માર્ગે પડી ગયો. પ્રયાણ ઘણું લાંબુ હતું. વિંધ્યાચળ પર્વત અને રેવા નદી ઓળંગવાના હતા, સાધન સામગ્રી સાથે તૈયાર રાખવાના હતા. લશ્કરની રીત પ્રમાણે પ્રયાણના મુકામ પર મુકામ થવા મંડ્યા. વચ્ચે નાચ મુજરા પણ થાય, ખાવાપીવાની સગવડ સારી થાય અને લડવૈયા હમેશાં લહેરી હોવાને કારણે અનેક પ્રકારના આનંદ પ્રસંગો યોજાતા જાય. (ચાલુ)

—મૌક્તિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમુદ્ર–વહાણ સંવાદ

લેખાંક : (૫)

લેખક:–પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય

સાગરે કહ્યું;–હે વહાણ! ઘણાં પાપ કર્યાં છે ત્યારે તો તારે વહાણના અવતારરૂપે થવું પડ્યું છે અને એ પાપો ભોગવે છે. હવે મારી નિંદા કરીને વિશેષ પાપ કરીને વધુ ફળ ભોગવવામાં શ્યો લાભ છે? લોઢાના ખીલે તું વીંધાયો છે. તારા પેટમાં મોટા મોટા દોરડાથી તને બાંધ્યો છે. તું સ્વવશ નથી, પરવશ તારે ચાલવું પડે છે. દુર્ભર તારું પેટ ધૂળ અને પત્થરોથી ભરવું પડે છે. વાયુથી તું ખૂબ ભચકયા કરે છે–ભડભડે છે, તું ખરેખરો અજ્ઞાન છે–જડ છે.

વહાણે કહ્યું:–હે સાગર! તમે જગત્‌માં મોટા જડા-(લા)શય તરીકે પ્રસિદ્ધ છો. પહાડ બળતો જોવો છો પણ પોતાના પગ વચ્ચે સળગતા અગ્નિને જોતા નથી. મેરુના રવૈયાથી તમારું મંથન કરવામાં આવ્યું, રામચંદ્રના બાણે તમને બાળ્યાં, પાતાળકળશાના પવને ઊછાળીને તમને અર્ધાં કર્યાં, આ સર્વ સંકટોથી તમે મૂર્ચ્છા પામો છો ને મોઢેથી ફીણ મૂકો છો, સન્નિપાતથી ઘૂર ઘૂર અવાજ કરો છો અને કચરામાં પડીને આળોટો છો. આમ પાપ-ફળ તો તમે ભોગવો છો. પોતાની હાણ જાણતા નથી અને પારકા દોષ ગ્રહણ કરો છો એ કેમ માન્યામાં આવે?

વહાણનો પ્રત્યુત્તર સાંભળીને સાગર તેને કહે છે અને ક્રોધ કરીને બીક પણ દેખાડે છે. સાગરનું કથન ૧૧ મી ઢાળમાં આ પ્રમાણે છે.

હે વહાણ! તું અપરાધી છો–ઘણો અપરાધી છો. તારી જીભ ઘણી વધી છે. હું જ્યારે તારા છિદ્રો ઢાંકું છું ત્યારે તું અમારા અનેક મર્મ ખુલ્લા કરે છે. જો હવે નિંદા કરતો અટકીશ નહિ અને મારા મર્મો ઊઘાડ્યા કરીશ તો હું તને મારા મોજાંમાં ઉછાળીને ઘૂમરીમાં ચડાવીને બોળી દઇશ અને તને ઢોળી નાંખીશ. તારા વગર મારે કાંઇ હાનિ નથી, તારા જેવા હું ઘણાં લાવી શકીશ. જો રાજાનો ભંડાર અખૂટ છે તો ચાકરનો કોઇ પાર નથી. સ્વભાવે ઠંડું પાણી પણ અગ્નિના તાપે તપ્યું હોય ત્યારે ખૂબ ગરમ થઇ જાય છે, તેમ તારા મર્મવચનોથી હું ક્ષમાવંતોમાં મુખ્ય સ્થાપન થયો છું છતાં ક્રોધે ભરાયો છું. 'મોટાઓની સાથે હઠવાદ કરવો નહિ' એ નીતિનો સાદોસીધો રસ્તો પણ તું વિસરી ગયો છે. મારા ક્રોધ આગળ તું નહિ રહી શકે. એક મોજાના ધક્કે કયાંય જઇ પડીશ. મારા કરોડો તરંગો પર્વતના શિખરની માફક વધતા અર્ધા આકાશમાં જઈ ફરે છે. એક પ્રબળ તરંગ આકાશને પણ ભાંગી નાખી શકે છે તો વહાણનું શું કામ છે? તારાથી મને લાજ આવે છે. પવનને ઉછાળે પાણીમાં ભમરી ઉપજે છે એ મદ–મદિરાની ઘૂમરી છે એમ લાગે છે. એમાં પહાડના શિખરો પણ તૂટી પડે છે અને વિષ્ણુની શય્યા શેષ નાગના બંધ પણ છૂટી પડે છે. મારી પાસે મગરમચ્છ–નક્ર–ચક્ર–મોટા મોટા માછલાંઓ છે–એ પોતાના પૂંછડાને એવા જોરથી પછાડે છે કે જેથી ઉછળેલા પાણીના કણીઆઓ આકાશે જઇને અડે છે અને જાજ્વલ્યમાન મણિ જેવા ગ્રહગણ ચમકતા હોય એમ ચમકે છે. એવો હું ક્રોધે ભરાઇશ તો તારું બધું માન ગળી જશે. અને તારા મનમાં જે અભિમાન છે તે ઓગળી જશે. તું જે અસ્તવ્યસ્ત ભાષા બોલે છે તે બધું સો શાખાએ ફળશે.

વહાણ કહે છે–હે સાગર! તમે પાછું જોર રાખી મૂકતા નહિ. થાય તે કરી લેજો. "તને આમ કરી નાખીશું તેમ કરી નાખીશું" એમ ફોગટ ફૂલીને નકામો શોરબકોર શા માટે કરો છો? તમારા વચન કેવળ ગૂમાનભર્યાં છે, તેમાં કોઇ પણ–એક પણ વચન સાચા નથી.

હે સાગર! તમે શું ઉછાળો છો? નકામા શું ફૂલાઓ છો? તમારા ગર્વભર્યાં વચનો હું સહન નહિ કરું, અને તેનો રોકડો જવાબ આપીશ. તમારે ને મારે વાત ચાલી એટલે મેં જે સારભૂત–ખરેખરા ઉત્તરો હતા તે કહ્યાં છે. મેં તમારા એક પણ મર્મ ખોલ્યા નથી–ભેદ્યા નથી એ તમે હૃદયમાં ઉતારજો. જે શાસ્ત્રવિરુદ્ધ ન હોય એવું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનું હિત જાણીને બોલીએ–તેથી તમે રોષ કરો કે ઝેર ખાવ પણ જે સાચું ને શુદ્ધ હશે તે અમે કહીશું. તમે મૂર્ખ અમારા છિદ્રો શું ઢાંકતા હતા? ઊલટુ જો અમારી કાયામાં એક છિદ્ર મળી આવે તો તમે હજાર છિદ્રો કરી નાખો એવા છો. શોક્યસ્ત્રીની જેમ તમે અમારા છિદ્રો હંમેશા તાકયા કરો છો, અમને રાખવાવાળો ધર્મ જાગતો બેઠો છે, તે ઊંઘતો નથી. શરણાગત પ્રત્યે જે તમે બોલો છો તે વ્યાજબી નથી. આવા કઠિન વચન ઉચ્ચરવા એ તો તમારો આચાર છે, પણ મારું રક્ષણ કરનાર જે ધર્મ છે. તેમાં તમારા જોરનો લાગ લાગે તેમ નથી. તમે ગમે તેમ કરશો તો પણ મારો બાવનમો ભાગ પણ બૂડશે નહિ. મનમાં શું મૂંઝાઇ રહ્યા છો? શંકા શું કરો છો? અમે ચાલ્યા જઇશું પછી તો તમારી પાસે એકલો કાદવ બાકી રહેશે. તમે બીજાનું ઘર ભાંગવા **સમર્થ** છો–વાંદરાની માફક ઘર કરતા આવડતું નથી. ગુણી અને પાત્ર જાણીને તેના પર શ્રમ કરવો એ તો સદ્‌ગુરુવરના હાથ જ જાણે છે. હંસ વગરનું સરોવર નકામું છે, ભ્રમર વગરનું પદ્મ શોભતું નથી, ચંદન વગરના મલયાચલનું કાંઇ મૂલ્ય નથી, ધન વગરનું નગર કામનું નથી, તેમ અમારા વગર તમારા વૈભવનો કાંઈ પણ રંગ નથી. તમને હિતવચનો સંભળાવવા એ તો ઊંટની પીઠ ઉપર પાણી રેડવા જેવું છે–તેનાથી કાંઇ પણ ફાયદો થતો નથી. પોતાનું નુકશાન થતું જોવે તો પણ મૂર્ખ માણસ લાજતો નથી. આકાશ પડી જશે એવા **ભક્ષ્યો** ટીટોડી ઊંચા પગ રાખીને સૂવે છે અને માને છે કે હું આકાશને પડતું રોકી રાખું છું એ પ્રમાણે તમે પણ કેવળ કલ્પિત અભિમાન ધારણ કરો છો. ફોકટ મોટાઇ ધારણ કરીને નકામા ગરમ શા માટે થાવ છો? મોટા થવું હોય તો પણ સામો પક્ષ જોઇએ છે–જેમ બન્ને પક્ષમાં સ્નેહ હોય તો શોભે છે–એકપાક્ષિક સ્નેહ સારો લાગતો નથી તેમ એકપાક્ષિક મોટાઇ ટકતી નથી. સામો મોટા માને તો મોટા ગણાય છે; બાકી પોતાની મેળે પોતાને મોટા માન્યા કરે એથી કાંઇ વળતું નથી. રાજા રાજી હોય અને પ્રજા સુખી હોય તો રાજાને પ્રજા અનુરૂપ થાય છે અને રાજાનું રાજ્ય પ્રજા ઉપર યથાર્થ ગણાય છે; બાકી પોતાને હાથે છત્ર ને ચામર ધારણ કરીને રાજા પોતાને રાજા કહેવરાવે તો એ શોભતું નથી. મદઝરતા અને ગાજતા ગજવરોથી વિન્ધ્ય પ્રદેશ શોભે છે અને વિન્ધ્યાચલને છોડીને પરદેશ રીબાવેલા હાથીઓ સુખ પામતા નથી. જ્યાં સિંહ વાસ કરે છે તે વન અગંજેય–અન્યોથી પરાભવ ન પમાડી શકાય એવું થાય છે અને વનનાં નિકુંજોની છાયા વિના સિંહ પણ વિલાસ પામતા નથી. પાણી ભરેલું અને હિલોળા લેતું માનસરોવર પણ હંસો વગર શોભતું નથી, અને હંસો પણ માનસરોવર વગર મનમાન્યું સુખ પામી શકતા નથી. આ પ્રમાણે હે સાગર! તમને મળેલી મોટાઇ એ અમારાથી છે; એ એકપાક્ષિક નથી. જો તમે મદને ધારણ કરીને તમારાપણું ચૂકી જશો તો તમારા જેવા મને લાખો છે. હંસ, સિંહ અને હાથીઓ જ્યાં જાય છે ત્યાં લીલા લહેર કરે છે તેમ સુશીલ સાધુ–સજ્જનો જે સ્થળે જાય છે ત્યાં સુખ પામે છે. એ પ્રમાણે બે દુહા, બારમી ઢાળ અને છ દુહામાં વહાણે ઉત્તર આપ્યો તે સાંભળીને સાગર કહે છે–

હે વહાણ! પૃથ્વી પર તારી કોઇ કિંમત નથી. હું છું તો તારી કિંમત છે, મારા વગર તું એક ડગલું પણ ભરી શકે નહિ. મારી મહેરબાની છે તો તું વિલસે છે, હું તને માર્ગ આપું છું, છતાં તું મારી સામે બોલે છે–લાજ પણ રાખતો નથી. આ સ્વામિદ્રોહની તને આજ શિક્ષા મળશે.

એ સાંભળીને વહાણે કહ્યું કે–હે સાગર! સાંભળો. સંસારમાં સ્વામી તો તે છે જે મોટા ગુણોને જાણીને સેવકની સાર કરે છે–સંભાળ લે છે. બાકી માણસોના ભાગ્યનો ભાર વહન કરે છે તે તો મૂઢ સ્વામી છે. જેમ ગધેડા ચંદનનો ભાર વહે છે તેમ આ ગૂઢ રહસ્ય તમે જાણતા નથી. એ પ્રમાણે બે દુહામાં સાગરે કહ્યું અને બે દુહામાં વહાણે વળતો જવાબ આપ્યો એટલે એ સાંભળીને સાગરે કોપે ચઢયો–સંક્ષુબ્ધ બની ગયો–ઊછળવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો. પવનના સપાટાઓથી પાણીના સમુદાયને ઊંચે ચડાવા લાગ્યો—જાણે આકાશમાં મોલ ઊભો કર્યો. પવનના ચક્રાવાથી ચકરી-ભ્રમરી લેતાં મોજાંઓ જાણે અંગ મરડતા ન હોય! એમ લાગતું હતું, આકાશે ચડીને પછડાતાં તરંગો પહાડોના શિખરોને પણ ભેદી નાખતા હતા. સાગર જ્યારે ભૂત જેવો ભયંકર થયો ત્યારે વિજળી તેના હાસ્ય જેવી જણાતી હતી. અને ગાજતી ગુફાઓના ગગન સુધી પહોંચતા અવાજો ડમડમ ડમરુ વાગતા હોય એમ લાગતું હતું. પાણીના જોરે પૂંછડા વાંકા કરીને મોટા મોટા માછલાંઓ પણ આકાશમાં અદ્ધર ઉછળતા હતા. તે દેખીને વહાણવટી લોકોને સેંકડો ધૂમકેતુઓ પડતા ન હોય એવી શંકા થતી હતી. ચારે તરફ ઘોર અન્ધકાર છવાઇ ગયો હતો તે જાણે સાગરના ક્રોધ અગ્નિનો ધૂમાડો ન હોય એવો લાગતો હતો અને તે વખતે વહાણના હજારો લોકો મચ્છરની માફક ભયભર્યાં ત્રાસથી કંપી ઊઠયા હતા. તરંગોના વેગથી વહાણને ઊંચે ચડાવીને સાગર જાણે પોતાને તળીએ લઇ જવા ન ઇચ્છતો હોય તેમ નીચે નાખતો હતો. લાખો માણસો જોઇ રહ્યા હતા—અને તેમનાં જોત-જોતામાં દોરડાઓના બન્ધનો ત્રટ-ત્રટ કરતા તૂટતા હતા. ફૂલના દીંટડાં જેમ તોડી નાખવામાં આવે તેમ નાંગરો તૂટીને દૂર ફેંકાઇ જતી હતી. મંડપના વચમાં રહેલી પાંજરી આકાશમાં ઉલળી પડતી હતી. થાંભલાના આડા બંધનો છૂટી પડતા હતા, ઘણાં ધ્વજદંડો ફૂટી જતા હતા. મોટા-'સૂક' વહાણો પણ છોતા જેવા થઇ જતા હતા. અને કૂંભસ્થંભો સેંકડો ખંડ થઇ જતા હતા. પાણીના ગોટેગોટા ઉછળતા હતા અને પ્રચંડ-પ્રબળ પત્થરો સાથે અથડાઇને પાટિયાંઓ ભાંગી જતા હતા. વહાણને આશરે રહેલા લોકોના દુઃખથી જાણે વહાણનું હૃદય ચીરાઇ જતું હોય એમ જણાતું હતું. પ્રલય થશે એમ ઉત્પાતથી લાગતું હતું. લોકો ભયભ્રાંત થઇ ગયા હતા. કાયર માણસો રોતા હતા અને ધીર પુરુષો ધીરજ ધરીને પરમેશ્વરનું સ્મરણ કરતા હતા.

આ પ્રમાણે તેરમી ઢાળમાં સાગરના કોપનું વર્ણન છે. સાગર આવી રીતે ક્રોધમાં આવી ગયો એ જોઇને વહાણ વિલખું પડી ગયું. એનું મોં પડી ગયું. પડી ગયેલા મોંવાળા તેને જોઇને તુરત જ ઉદધિકુમાર દેવ ત્યાં પ્રકટ થઇને વચમાં પડ્યા અને વહાણને કહેવા લાગ્યા. હે વહાણ! મોટા સાથે કોઇ પણ રીતે બાઝવું નહિ. તેં તે કર્યું તેનું આ ફળ તને મળ્યું. મૂર્ખ થવામાં સાર નથી, અણસમજ છોડી દે, જળની વેગ તો વહી જશે પણ તારામાંથી કોઇ ઉગરશે નહિ. હજુ પણ હિત ઇચ્છતો હો તો સાગરથી મેળ મેળવી લે. સાગરથી મેળ કરી લઇશ તો આ વિકટ સંકટો બધા દૂર થશે. તું પાછો તૈયાર થઇ જઇશ. મંગળવાજાં વાગશે. તારી ઇચ્છિત-આશા પૂરી થશે. બધા લોકો લીલાલહેર કરશે. તું નમીશ તો સાગરનો ક્રોધ શાંત થશે, જગતમાં જે મોટા હોય છે તે સરલ ને સમજુ હોય છે. મોટા સાહેબની આજ્ઞા અખંડિતપણે ધારણ કરવી જોઇએ. એમની આશા રાખીને જવું જોઇએ, તેમાં અક્કડાઇ-ખેંચપકડ પકડવી જોઇએ નહિ. જો સ્વામીની મીઠી નજર હોય તો ઘર આગણે મલપતા હાથીઓ ગાજે છે. તેજી ઘોડાઓ હર્ષથી હણહણે છે. પણ જો સ્વામીની નજર ફરે-કરડી થાય તો માણસ ખુવાર થઇ જાય છે. જેમને પરમેશ્વરે મોટા કર્યા છે, જેમની ભાગ્યરતિ વિખ્યાત છે—એવા સાહિબની સેવા કરીએ પણ તેમની હોડ કરવાની ટેવ ન રાખીએ. ધનના અભિમાનથી જેઓ દોગુંદુક દેવની જેમ એક સરખા સુખમાં પડ્યા હોય છે તેમને પણ સાહિબ રૂઠે ત્યારે તરત જ રંક કરી દે છે અને રંક હોય તેને રાજા જેવા ક્ષણવારમાં કરી દે છે. સાહિબની ગતિ જાણી શકાતી નથી. જેઓ ઉત્તમ વંશમાં ઉપજે છે, જેમનામાં લોકપાલનો અંશ આવેલો છે, જગમાં એવા સાહિબની અવસર પામીને સેવા કરવી પણ તેઓથી અણબનાવ કરવો નહિ. આ તારે માટે હિતકારી છે માટે અમે તને શિખામણની વાત કરી. બાકી તો બધા પ્રભાવની તને ખબર છે. માલીક માનીને કહ્યું માન અને અવસરોચિત વિચાર કરવા જોઇએ. હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચાર અનુયોગસ્થાપક દશપૂર્વી

(૧)

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

विनयमूलो धम्मो :

શું એ આશ્ચર્ય નથી! જેને સતત વહેતા નિર્મળ પ્રેમરૂપ જળની ઉપમા કવિવૃંદે આપેલી છે, એવો માતૃસ્નેહરૂપ ઝરો આજે શુષ્ક કેમ જણાય છે? અલ્પકાળ માટે નજરથી આઘે જનાર સંતાન પુનઃ નજરે પડતાં માતાનું હૃદય ઉભરાઇ જાય છે, તો મારા સંબંધમાં વર્ષોના વહાણા વાયા છે, એ વેળાનું મિલન તો હાર્દિક ઉમળકાથી ગુંજારવ કરતું હોય, હીલોળે ચઢેલા સાગરમાં મોજાં ઉછળી રહ્યાં હોય એવું એનું સ્વરૂપ હોય. અહીં તો સહરાના રણની રેતી જેવી શુષ્કતા ડોકિયા કરી રહી છે! અંતરના ભાવને સ્થાને કેવલ વ્યવહારમાં પ્રચલિત સૂકા શબ્દો છે!

પૂજ્ય માતુશ્રી! મારાથી આ ચિત્ર જોયું જાય તેમ નથી જ. અધ્યયન અર્થે દેશાંતર સેવનાર અર્ભકનું સ્થાન માતૃહૃદયમાંથી કદાપિ ચલિત ન થવું જોઇએ. કદાચ પ્રમાદવશાત્ એ બાલુડાના હાથે અવિનય થયો હોય તો પણ એ ક્ષંતવ્ય ગણાવો ઘટે.

મારી ચક્ષુ સામે સારોય ઇતિહાસ ચિત્રપટ માફક ઉકેલાઇ રહ્યો છે. યજ્ઞોપવિત ગ્રહણ કરીને મારે વિદ્યાભ્યાસના કારણે ઘણો સમય પિતાશ્રી પાસે રહેવું પડતું, છતાં એ વેળા તમારા ચરણ વંદન હું ચૂકયો નથી જ. ભાગ્યે જ તમારા વેણનું ઉલ્લંઘન કર્યું છે! હા, મારો એ કાર્યક્રમ ઝાઝા મહિના ન ચાલ્યો. પૂર્વના સંસ્કારથી પ્રાપ્ત થયેલ બુદ્ધિપ્રભાના બળે મેં પિતાશ્રી પાસેથી વિદ્યા–ધનરૂપ ખજાનો ઝટ સ્વાધીન કરી લીધો. તેમને પોતાને લાગ્યું કે આવી તીક્ષ્ણ પ્રજ્ઞાધારક સંતાનને પાટલીપુત્ર જેવા વિદ્યા-ધામમાં મોકલવો જરૂરી છે કે જ્યાં જઇ એ પંડિતો પાસેથી વૈદિક શાસ્ત્રોનું પાન કરી, વેદાન્ત, મીમાંસા, ન્યાય અને પુરાણ જેવા વિષયોમાં નિષ્ણાત બને. દશપુરનગરમાં મેં રાજ્યપુરોહિત તરીકે જે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે, તે એ જાળવે અને આવડતના બળે એમાં વધારો કરે. 'બાપ કરતાં બેટો સવાયો નિવડે' એવી કામના કયા પિતાને ન હોય?

પિતાશ્રીએ નિરધાર કર્યો, મેં એ વાતને શિર-સાવંદ્ય કરી, અને ઓ માતુશ્રી! આપની ચરણરજ માથે ચઢાવી હું વિદાય થયો. પૂજ્ય જનની! પુત્ર પ્રત્યેની શુભ આશિષથી જ તર્કશાસ્ત્રનો એ કઠીન વિષય, અને વ્યાકરણ વિષયક વિવિધ સમાસો આદિનું જ્ઞાન મેળવી હું પંડિત પદનો ભોક્તા બન્યો. જો કે એ અધ્યયન કાળમાં ક્ષેત્રની નજરે હું તમારાથી ઘણે દૂર હતો, પણ મારા હૃદયમાં તમારું જે સ્થાન અંકિત કર્યું હતું એ દૃષ્ટિએ એટલી સમીપતા ભાસતી કે જાણે તમો મારી સામે જ છો.

---

સાગરનો સેવક છું એટલે તેના સ્નેહે તારા ઉપર અમે સ્નેહ ધારણ કરીએ છીએ. જો ધીર એવા સાહિબનો હુકમ થાય તો અમે તારા શરીરને સાંધી દઇએ. હે વહાણ! અમારા વચનથી સાગર સાથે તું મેળ સાધ, કે જેથી જગતમાં તારો યશ–ઉદ્યોત થાય. ફરીથી તું બધો સાજ પામ અને બંદરે પહોંચીને રાજ્ય કર.

આ પ્રમાણે ઉદધિકુમાર દેવે ચૌદમી ઢાળમાં વહાણને હિતવચન કહ્યા. તે સાંભળીને સાગરસેવક દેવની સામ–ભેદભરી વાણી સાંભળીને મનમાં નિજ ગૌરવ ધારણ કરતું વહાણ કહેવા લાગ્યું.

હે દેવ! તમે તમારા સાહિબનો પક્ષ પુષ્ટ કર્યો તે બરાબર છે પણ અમે ગુણ–અવગુણના અણજાણ એવા સાગરની સેવા છોડી દીધી છે. એમ તમે નહિ માની લેતા કે આ આપત્તિથી અમે ચળી જઇશું–અમારું માન મૂકી દઇશું. અમે જેને સ્વામી માન્યા છે તે અમારી લાજ રાખશે. (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભ્યાસ કરી પાછો ફરનાર હું દશપુરનગરમાં પગ મૂકી સર્વપ્રથમ તમારા પગમાં મસ્તક નમાવી આશીર્વાદ મેળવવાનો ઇચ્છુક હોવા છતાં તેમ નથી બન્યું, પણ એમાં મારો દોષ નથી. વ્યવહારના વહેણોની દિશા અકલ્પનીય છે.

રાજવી ઔદાયણના મનમાં, પોતાના જ એક પુરોહિત **સોમદેવ**નો પુત્ર, પાટલીપુત્ર જેવા દૂરના વિદ્યાધામમાંથી વિદ્વાનની પદવી લઇ પાછો ફરતો હોય, તે પ્રસંગને નગર મહોત્સવ તરીકે ઉજવવાનો વિચાર ઉદ્ભવ્યો. હાથી ઉપર મને બેસાડી, રાજમાર્ગોથી મારું સરઘસ કાઢી, રાજદરબારમાં લઇ જઇ સન્માન કર્યું. 'યથા રાજા તથા પ્રજા' એ જનવાયકા મુજબ નગરજનોએ સરઘસના રસ્તા શણગાર્યા, સુગંધીદાર પુષ્પોની વર્ષા કરી, અને નારીવૃંદે ઉછળતા હૃદય ને ઉભરાતા ઉમંગે, અક્ષતો વધાવ્યા. નગરના એક સામાન્ય કોટિના દ્વિજપુત્રનું આવું સન્માન હરકોઇના અંતરમાં હર્ષનો ઉદધિ રેલાવે, આનંદ-પ્રમોદના કલ્લોલો પેદા કરે. સંતાનને મળતું આ માન એ કુટુંબી જનમાં ખુશાલી પેદા કરે. પિતાશ્રીની મુખાકૃતિમાં એ સ્પષ્ટપણે જોવામાં આવી અને લઘુબંધવ **ફલ્ગુરક્ષિત**નો ચહેરો તો જાણે કોઇ અલભ્ય લાભ થયો ન હોય, તેની ખુશાલીમાં રક્તિમંત બની ગયો. આ બધી વિધિમાંથી પસાર થતાં જરૂર વિલંબ થયો. એ સર્વના મૂળ હકદાર તમો જ છો કારણ કે તમે જન્મદાત્રી છો. ઓ માતુશ્રી! જ્યારે મેં કમરામાં પગ મૂક્યો ત્યારે તમારી તરફથી તો જે હર્ષભર્યા ઓવારણાની આશા રાખેલી તેમાંનું કંઇ જ જોવામાં આવતું નથી. શું માતાના હૃદયમાંથી વત્સલતાનો સાવ છેદ ઊડી ગયો છે? જનનીના ઠંડા આવકારે તો અત્યાર સુધી ઉદ્ભવેલી મારા હૃદયની પ્રમુદિતતાને સખ્ત ધક્કો માર્યો છે!

પુત્રને માતા શું ઉત્તર આપે છે એ જોઇએ તે પૂર્વે કથાનકમાં કેટલાક જરૂરી તાણા-વાણા સાંધી લઇએ કે જેથી એનો પ્રવાહ એકધારો, વિના સ્ખલનાએ વહ્યો જાય.

વાતની શરૂઆત **દશપુરનગરથી** આરંભાય છે. ચિતોડગઢ જતાં વચમાં જે **મંદસોર** શહેર આવે છે એ સ્થાને પૂર્વે ઉપરોક્ત નગર આવેલું હતું. ઇતિહાસના અંકોડા મેળવીએ તો એની સ્થાપના ભગવંત **શ્રી મહાવીરદેવ**ના સમયમાં થઇ હતી. સિંધુ-સૌવીર દેશમાં આવેલ વીતભયપટ્ટણ નામની રાજધાનીના નગરમાંથી અવંતિપતિ ચંડપ્રદ્યોત જીવિતસ્વામીની મૂર્તિને ઉપાડી ગયેલ. એ પાછી મેળવવા રાજવી ઉદાયને અવંતી પર ચઢાઇ કરેલી, અને એના સ્વામીને હરાવી પોતાની સાથે કેદી તરીકે લઇ, જ્યારે રાજધાની તરફ પાછો ફરતો હતો ત્યારે વર્ષાઋતુનો કાળ આવી ગયો. એ વેળા ચાર માસ સુધી સ્થિરતા કરવા સારુ જે સ્થળ પસંદ કરવામાં આવ્યું તે જ ઉપર વર્ણવેલ **દશપુર.**

રાજવી ઉદાયનના લશ્કરમાં, તેના ભાયાત સરખા દશ મુગટબંધ રાજાઓ હતા, અને તેમણે પોતપોતાની છાવણીઓ જુદા જુદા મહારાજાના વસવાટ ફરતી નાખેલી. સૈનિકો માટે રોજના વપરાશની ચીજોનો વ્યવસાય કરનાર પણ ત્યાં હાટ નાખી બેસી ગયા અને ધંધો ચલાવવા લાગ્યા. આ બધું એવી રીતે વસી ગયું કે જેથી જોનારને દશ ગામ કે પરાનો ખ્યાલ પ્રથમ દૃષ્ટિએ આવે. વર્ષાની વિદાય પછી વીતભયપટ્ટણનો સ્વામી તો ત્યાંથી છાવણી ઉપાડી સિંધુ સૌવીરના માર્ગે સિધાવ્યો, પણ ત્યાં જે હાટ બંધાયા તે તો ચાલુ રહ્યા, ક્રય-વિક્રય ચાલુ રહ્યો અને વસેલું નગર કાયમ રહ્યું. રચના જોતાં અને ખોદકામ કરતાં જે સામગ્રી હાથ આવે છે એ ઉપરથી શોધકોને ઉપરની વાતમાં ઘણું તથ્ય જણાયું છે. આજે પણ ત્યાં જુદા જુદા ભાગમાં મંદિરો આદિ છે.

જૈનો માટે આ નગરની યાદ એ તો સંવત્સરી પર્વ જેવી પ્રતિવર્ષ માટેની સ્મૃતિનો વિષય બની છે. 'मिच्छामि दुक्कडम्' જેવી મહામૂલી **ક્ષમાપના** જીવનમાં કેવી રીતે ઉતારવી, અને એ ઉતારવાથી કેવો લાભ થાય છે એ ઉપર રાજવી ઉદાયન અને ચંડપ્રદ્યોતનું ઉદાહરણ અપાય છે. એ બનાવની ભૂમિકા પણ આ દશપુરનગરમાં જ સર્જાયેલી.

સંખ્યાબંધ વર્ષોના વહાણા વાયા પછી પુનઃ આ નગર સાહિત્યસ્વામીઓની કલમે ચઢયું એના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂળમાં એક દ્વિજપુત્રની પ્રતિભા કારણભૂત છે. જૈન ધર્મમાં એ વિભૂતિનું સ્થાન અગ્રપદે છે. વળી એ મહાત્માનું નામ ક્રાન્તિકારમાં લેખાય છે. નગરમાં ઔદ્રાયણ નામા રાજવીનું આધિપત્ય હતું ત્યારે, તેમના પુરોહિત તરીકે સોમદેવ નામે એક બ્રાહ્મણ હતો. એની ભાર્યાનું નામ તો રુદ્રસોમા. જાતે પતિપરાયણા અને સુસંસ્કારી. એ કાળે તર્કસિદ્ધ વાત સ્વીકૃત કરવામાં કોઈ પણ વ્યક્તિને વર્ણનું બંધન આડું આવતું નહીં. વાદ-વિવાદ વિદ્વાનોમાં થતાં પણ તે પ્રમાણ અને યુક્તિપુરસ્સર. ધર્મપાલનમાં જ્ઞાતિભેદની નડતર હતી જ નહીં. નર કે નારી સ્વ-ઇચ્છા પ્રમાણે ધર્મનું આચરણ કરવામાં સ્વતંત્ર હોઈ, એ કારણે વ્યવહાર તંત્રમાં એની કોઈપણ પ્રકારની આડખીલી નડતી નહીં, અને જીવનમાં શાંતિ જણાતી. રુદ્રસોમાના પિયર પક્ષમાં જૈન ધર્મના દૃઢ સંસ્કાર હતાં, અને એ કારણે પરણીને શ્વસુર ગૃહે આવ્યા છતાં એ ઉત્તરોત્તર બળવત્તર થતાં ગયાં હતાં. એક પરમ શ્રાવિકા જેવું જીવન એ કોઈ પણ જાતનો ઘરસંસારમાં વિરોધ ઊભો થવા દીધા વિના ગાળતી હતી. તેણીને પોતાના સ્વામી માફક વિદ્યાપ્રેમ હતો અને દ્વિજકુટુંબમાં જ્ઞાનપિપાસા સહજ હોય છે જ. એ કારણે તેણીએ પોતાના સંતાનોમાં એ ખીલવવા ખાસ કાળજી રાખી હતી, આમ છતાં એ ઐહિક સુખમાં ખાસ રાચનારી નહોતી. તેણીને મન 'સા વિદ્યા યા વિમુક્તયે' રૂપ સૂત્ર મુદ્રાલેખ સમ હતું. આત્મશ્રેયના માપે જ શીખેલી વિદ્યાનું તોલન કરી લાભાલાભનો આંક મૂકતી.

આ દૃષ્ટિવાળી માતા પાસેથી ભણી આવનાર પુત્ર ઉમળકાવિહૂણા, કેવળ વહેવારરૂપી આશીર્વાદ મેળવે એમાં શી નવાઈ! અભ્યાસી પુત્રને રાજવીના બહુમાન અને પ્રજાના ભાવભર્યા સ્વાગત આગળ એ અવશ્ય લૂખા અને નિરસ જણાય. એ કારણે જ ઉપર જોયું તેમ **આર્યરક્ષિતે** હૃદયમાંનો ઉભરો જનની સામે ઠાલવ્યો.

વત્સ! દુનિયામાં ભાગ્યે જ એવી કોઈ જનેતા હોય કે જેણે વર્ષો પછી મળતા, અને અધ્યયનના કારણે માન-સન્માન પામીને ચરણે પડતાં પુત્ર પ્રત્યે વાત્સલ્યતા ન હોય, અરે! એનો ઉલ્લાસ ઉભરાય નહીં.

દીકરા! મારા હૃદયમાં પૂર્વે હતું તેવું જ સ્થાન આજે તારું છે. એમાં તું શાસ્ત્રપારંગત થતાં જરૂર વધારો થયો છે. મારો સત્કાર તને લૂખો અને છીછરો જણાય છે એ પાછળ તથ્ય છે જ. તું જાણે છે કે તોલન કરવાના મારા કાટલા જુદા છે. વ્યવહારમાં ઉપયોગી નીવડે એવા જ્ઞાન સામે મારો વિરોધ નથી. એની અગત્ય હું પણ સ્વીકારું છું, છતાં જ્યાં લગી આત્મકલ્યાણ સાધી શકાય એવા સમ્યગ્‌જ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં લગી મારે મન ઉપરની વિદ્યાની ઝાઝી કિંમત નથી. આ માનવભવની પ્રાપ્તિ જ્ઞાની પુરુષોએ દુર્લભ દર્શાવી છે. એ પામીને **અહિંસક** જીવન જીવવામાં પ્રગતિ ન થઈ તો ફેરો ફોગટ ગયો સમજવો. ચોરાસીના ચક્કરમાં પુનઃ ભમવાનું! આરંભ-સમારંભની સમજ આપતી અને રાગ-દ્વેષની વૃદ્ધિ કરતી વિદ્યા ભલે સંસારમાં વિશાળ જનસમૂહના અભિનંદન મેળવી આપે પણ આખરે તો એ અધોગતિ તરફ જ આત્માને દોરી જાય ને? પોતાના સંતાનની એવી દુર્ગતિ જોવાનું જનની તરીકે મને પસંદ નથી. કદાચ મારી વાત તને પુનઃ પરિશ્રમ કરવાની સલાહ દેનારી જણાશે છતાં એ પાછળ સાચા અંતરની આશિષ છે એમાં જરા પણ શંકા નથી. ભાઈ, ફરીથી કમર કસ અને સ્વર્ગ અપવર્ગના સુખ દેનાર **દૃષ્ટિવાદ** નામના શાસ્ત્રનો અભ્યાસ કરી આવ. એ વેળા મારા હૃદયને ખરો આનંદ થશે અને એ અવર્ણનીય હશે.

માતા, વ્હાલી માતા, ખરેખર તેં સાચું માર્ગદર્શન કરાવ્યું. હું પણ એ જ્ઞાનનો અભિલાષી છું કે જે દ્વારા ઇહલોક અને પરલોક ઉભય સુધરે. એવું જ્ઞાન આપનાર ગુરુનું નામ શું? તેઓ ક્યાં વસે છે?

તેમનું નામ છે આચાર્ય **તોસલિપુત્ર.** તેઓ ઇક્ષુવાટિકા નજિકની વસતીમાં રહે છે.

માતુશ્રી! આનંદ પામો. આજ્ઞાંકિત બાળક તરીકે એ માટે હું કાલે જ સિધાવીશ. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાસ્ત્રીય આજ્ઞા બૌદ્ધિક વિચારણાને જ આધીન નહીં હોવી જોઇએ

લેખક : માસ્તર ખુબચંદ કેશવલાલ

રાષ્ટ્રમાં શાંતિ સ્થાપવાને અંગે તથા રાષ્ટ્રીય વ્યવસ્થા અબાધિતપણે સાચવવા માટે રાષ્ટ્રીય બંધારણના કાયદાકાનૂનો ધારાશાસ્ત્રીઓ ઘડે છે. તે કાયદા–કાનૂનને અનુસરીને જ વર્તનાર રાષ્ટ્રનો વફાદાર ગણાય છે તે કાયદા–કાનૂનોમાંથી પોતાની બુદ્ધિગમ્ય જેટલા-જ કાનૂનોને અનુસરી અન્ય કાનૂનોનો ભંગ કરનાર રાષ્ટ્રનો ગુન્હેગાર જ ગણાય છે, અને એવાઓ રાષ્ટ્રીય વ્યવસ્થાને છિન્નભિન્ન કરી નાખનારા કહેવાય છે. રાષ્ટ્રીય બંધારણની જેમ શાસ્ત્રીય બંધારણ એ પણ સાચા આત્મહિતેચ્છુને માટે અતિ આવશ્યક મનાય છે, બલ્કે કહેવું પડશે કે રાષ્ટ્રીય બંધારણ કરતાં શાસ્ત્રીય બંધારણ અતિ અગત્યનું છે.

શ્રી જૈન શાસનમાં શાસ્ત્રપ્રમાણ એ સર્વશ્રેષ્ઠ પ્રમાણ મનાય છે, કેમકે સકલ પદાર્થોને આત્મ-પ્રત્યક્ષ કર્યા બાદ તેને કથન કરનાર વક્તાના વચનને શાસ્ત્રપ્રમાણ માનવામાં આવ્યું છે. સર્વ ક્ષેત્ર અને સર્વ કાલના ભાવોને પ્રતિસમયે ઇન્દ્રિયાદિ કોઇ પણ સાધનોની સહાય વિના કેવળ આત્મદ્વારાએ જ પ્રત્યક્ષ કરનારા જ્ઞાની પુરુષો એ જ જૈનદર્શનમાં સર્વજ્ઞ મનાય છે, તે સર્વજ્ઞ આત્માઓ દ્વારા પ્રકાશિત થયેલ હિતકર ઉપદેશોના યથાર્થ સંગ્રહનું નામ આગમ યા શાસ્ત્ર છે. તે શાસ્ત્રોમાં જે આજ્ઞાઓ ફરમાવેલી હોય છે તે સર્વથા અભ્રાન્ત અને અવિરુદ્ધ છે, એટલું જ નહિ પણ સર્વને હિતકર છે. આ સર્વજ્ઞકથિત વચનો ઉપરાંત પણ ભવભીરુ ગીતાર્થ ( સૂત્ર અર્થના જાણ ) પુરુષોએ નહિ વારેલી અને મધ્યસ્થ ( રાગ–દ્વેષ રહિત ) પુરુષોએ આચરેલી એવી પંડિતો–( સરળ પુરુષો )ની જે આચરણા પાપરહિત હોય તે આચરણા પણ તીર્થંકર પ્રભુની આજ્ઞા જ છે, એ પ્રમાણે વચનથી લોકો અત્યંત બહુમાનપૂર્વક માને છે. તેમ છતાં પણ આજે એક એવો માર્ગ ઊભો થયો છે કે જે વર્ગ શાસ્ત્રપ્રમાણને ગૌણ બનાવવા અને બૌદ્ધિક વિચારણાને જ એક સર્વ-શ્રેષ્ઠ પ્રમાણ તરીકે સ્થાપવા તનતોડ પ્રયાસ કરે છે તે કેટલા અંશે વ્યાજબી છે તે અહીં જોવાનું છે. આથી કોઇએ એમ માની લેવાની આવશ્યકતા નથી કે શાસ્ત્રાજ્ઞાઓ ઉપર બૌદ્ધિક વિચારણા ન જ કરવી. બૌદ્ધિક વિચારણા સર્વથા વ્યર્થ નથી, એ વાત માન્યા પછી પણ તેના ઉપર શાસ્ત્રાજ્ઞાથી પણ અધિક અથવા તુલ્ય શ્રદ્ધા ધારણ કરવી, એ કોઈ પણ રીતે યોગ્ય નથી. શાસ્ત્રાજ્ઞાથી અવિરુદ્ધપણે જે કંઇ બૌદ્ધિક વિચારણા નક્કી થઇ શકતી હોય તે સર્વ સત્ય છે એમ માનવામાં કોઇ પણ જાતનો વિરોધ હોઈ શકે નહિ, કિન્તુ સત્ય શોધવા માટે માત્ર બૌદ્ધિક વિચારણા તે જ એક પરમ આધાર છે એવા પ્રકારનો વિશ્વાસ કેળવાતો હોય તો તે શ્રી જૈનશાસનને કોઇ પણ પ્રકારે માન્ય નથી.

શ્રી શાસ્ત્રાજ્ઞાનો સાચો ઉપાસક બૌદ્ધિક વિચારણાને જરૂર માન્ય રાખે, પણ તે શાસ્ત્રાજ્ઞાને પુષ્ટ કરનારું હોય તો! શાસ્ત્રાજ્ઞાને પુષ્ટિ આપનાર કોઇ પણ પ્રમાણને માન્ય રાખવા માટે જૈનદર્શનના ધુરંધર ઉપાસકોએ કદી પણ પાછી પાની કરી નથી. જે કોઇ પ્રમાણો શાસ્ત્રપ્રમાણથી અવિરુદ્ધ અને શાસ્ત્રપ્રમાણને પોષણ આપનાર હોય તો તેનું અવલંબન લઇને તેવા પ્રકારની યોગ્યતાવાળા જીવોને સદ્ધર્મમાં સ્થિર કરવા માટે પૂર્વ મહાપુરુષોએ પૂરતો પ્રયત્ન કર્યો છે. આ સઘળા પ્રયત્નોની પાછળ શ્રી જિનશાસનના પરમ ઉપાસક ઉપકારી મહાપુરુષોનો ઇરાદો એક જ હોય છે કે–ભિન્ન ભિન્ન પ્રકારની યોગ્યતાવાળા જીવો કોઇ પણ પ્રકારને પામી શાસ્ત્ર-વચનો પ્રત્યે દૃઢ આસ્થાવાળા બને.

બૌદ્ધિક વિચારણાવડે શાસ્ત્રપ્રમાણની સિદ્ધિ કરવાનો પ્રયત્ન કરવો એ જૈનશાસન પામેલા દરેક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યની ફરજ છે, પરંતુ તેમ કરવામાં જાણ્યે અજાણ્યે પણ શ્રી જૈનશાસનના કથનની પ્રમાણિકતા બૌદ્ધિક વિચારણાને આધીન છે તેવી ગેરસમજણ અન્ય કોઇ આત્મામાં ઉત્પન્ન થવા ન પામે તેની ખાસ તકેદારી રાખવી જોઇએ.

શ્રી જિનશાસન પ્રત્યે અવિચલિત શ્રદ્ધાને ધરાવનાર ભૂતકાલમાં થઇ ગયેલ અનેક મહાપુરુષો પણ પોતાના કથન દ્વારા કોઇના પણ અંતરમાં શાસ્ત્રવચનો પ્રત્યે થોડો પણ અવિશ્વાસ ન આવી જાય તેની અતિ કાળજી ધરાવતા, તો પછી આજના તેવા પ્રકારની વિશિષ્ટ શ્રદ્ધા, ભક્તિ અને શક્તિ વિનાના મનુષ્યોએ શાસ્ત્રવચનોને અન્ય પ્રમાણો દ્વારા સિદ્ધ કરવામાં કેટલી સાવધાની રાખવી જોઇએ એ સમજાવવાની જરૂર રહેતી નથી.

આજના જમાનામાં જે બૌદ્ધિક વિચારણાના આધારે શાસ્ત્રાજ્ઞાઓ ઉપરની પ્રતીતિ અત્યન્ત દૃઢ કરી શકાતી હોય, તો તે અત્યન્ત આદરણીય છે; અને તેવા પ્રકારનો પ્રયત્ન કરનારા શ્રીજૈનશાસનની ભારેમાં ભારે સેવા બજાવી પોતાના આત્મા માટે અનહદ લાભ ઉઠાવે છે; પરન્તુ જે બૌદ્ધિક વિચારણાવડે સર્વ જ્યેષ્ઠ લોકોત્તર શાસ્ત્રપ્રમાણનો મહિમા લોકોના અંતર ઉપરથી નષ્ટ કરવાનો સ્વપરહિતઘાતક પ્રયાસ થતો હોય તો તે સર્વથા છોડી દેવા યોગ્ય છે. એવા પ્રયાસને તેના યથાર્થ સ્વરૂપમાં પ્રકાશિત કરવા દ્વારા તે પ્રયાસની છાયામાં આવતા આત્માઓને રોકી લેવાનો પ્રયાસ કરવો એ સ્વપરકલ્યાણની સાચી આકાંક્ષાવાળા આત્માઓનાં અનેક કર્તવ્યમાંનું એક કર્તવ્ય છે. છતી શકિતએ અને છતી સામગ્રીએ કોઇ પણ પ્રકારના લૌકિક સ્વાર્થે આ કર્તવ્યની ઉપેક્ષા કરનારાઓ પોતાના પણ કલ્યાણનો નાશ સાધનારાઓ જ છે. શાસ્ત્રવચનો પ્રત્યે અવિચ્છિન્ન શ્રદ્ધા એ જ સાચું જૈનત્વ છે પણ બૌદ્ધિક વિચારણાવડે બુદ્ધિગમ્ય હકીકત માન્ય રાખી શાસ્ત્રાજ્ઞાઓને સમાજસુધારણાને નામે ફગાવી દેવી એ સાચા જૈનત્વને કલંકરૂપ છે. અને જૈનશાસનની મર્યાદાને છિન્નભિન્ન કરી દેવાની બાલિશ ચેષ્ટા છે.

સમાજસુધારણા એ શાસ્ત્રાજ્ઞાની મર્યાદામાં રહીને કરવાની છે.

"શાસ્ત્રાજ્ઞાના કારણે નહિ પણ આજે તેમ કરવું જરૂરી છે અને પોતાના વિચારની ભૂમિકા શાસ્ત્રાધારે નહિ પણ માત્ર બૌદ્ધિક જ છે" એમ કહેવું એ શાસ્ત્રપ્રમાણ ઉપર આડકતરી રીતે કુઠારાઘાત કરનાર છે.

સમાજઉત્કર્ષને નામે લોકો શાસ્ત્રવચનો પ્રત્યે મંદ આદર કે અનાદરવાળા બની જાય તો લાભને બદલે હાનિ ઘણી છે. તુચ્છ વ્યકિતઓના ભવિષ્યમાં મહાન બનવાના કોડ પાર પડે તે ખાતર મહાન વ્યકિતઓ અને તેમનાં શાસ્ત્રો ભવિષ્યમાં અનાદરણીય કે અલ્પાદરણીય બને તેવા જાતિના પ્રચારોમાં સાથ આપવો એ કોઇ પણ શાસનહિતાર્થી આત્મા માટે કર્તવ્યરૂપ નથી, કિન્તુ અકર્તવ્યરૂપ જ છે.

શાસ્ત્રવચનમાં પણ જ્યાં સુધી ઐતિહાસિક, વૈજ્ઞાનિક કે બૌદ્ધિક વિચારણારૂપી યુકિત માગવાની વૃત્તિ છે ત્યાં સુધી સંપૂર્ણ સંસારના ત્યાગસ્વરૂપ આત્મમુકિત માટેની જે પ્રક્રિયા છે તે પ્રક્રિયા આદરવા જેટલું બળ આત્મામાં પ્રગટી શકતું નથી. મા પ્રત્યે બાળકને નિર્વિચાર શ્રદ્ધા હોવાના કારણે જ તે નાનાનું મોટું થઇ શકે છે; અન્યથા, મા પાસે-'હું તારી હિતસ્વિની છું' એમ સમજાવવાની કોઈ પણ યુકિત બાળક સમજી શકે તેવી ભાષામાં આપવાનું સામર્થ્ય હોતું નથી: છતાં પણ મા ખરેખર હિતસ્વિની હોવાથી તેના કથન ઉપર નિર્વિચાર શ્રદ્ધા રાખનારા બાળક કોઇ પણ રીતે એ ઠગાતો નથી. તે અવસ્થામાં બાળકનું હિત સાધવા માટે માતા પાસે કે બાળક પાસે અન્ય કોઈ ઉપાય છે જ નહિ. શાસ્ત્રો અજ્ઞાન અને અસમર્થ એવી માતાની જેમ યુકિતઓ ન આપી શકે તેમ નથી તો પણ તે યુકિતઓને સમજવાની લાયકાત સુધી જેઓ પહોંચ્યા નથી તેવા આત્માઓ વિશ્વાસ ધારણ કરનારા ન બને તો કદાપિકાળે તેઓ પોતાનું હિત સાધી શકે નહિ. એ જ કારણે જે કોઇ રીતિ અખત્યાર કરીને શ્રી સર્વજ્ઞ વચન ઉપર અવિચલિત શ્રદ્ધા પેદા કરાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાવના

લેખક:-શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી

ભાવના! ત્રણ અક્ષરના આ શબ્દમાં કેવો ઓજસપૂર્ણ ચમત્કાર રહેલો છે! ભાવના વિના કોઇ પણ કાર્યમાં ધારી સફળતા મળતી નથી.

"ભાવના ભવનાશિની" ભાવનાને ભવનો નાશ કરનારી કહી છે. એક પછી એક એમ જુદા જુદા ભવોની હારમાળા ચાલી આવે છે. ગાડાનું પૈડું! ઘાણીના બળદની પેઠે ચક્કર...ચક્કર... ફર્યા જ કરવાનું. પણ...આ ફેરા અટકાવવા કે નહિ? પણ... આમ કેમ થાય? જો હૃદયપૂર્વકની શુભ ભાવના હશે તો.

જો અશુભ ભાવના ભાવી તો? ચક્કર ચક્કર ફરતા જ રહેવાનું-વળી ઝપાટાબંધ. આજકાલના કલુષિત વાતાવરણમાં કોઇની સારી સ્થિતિ નિહાળી હૃદય બળવા માંડે છે. મનમાં શું થવા માંડે છે?

આનું ધન કોઇ ઉપાડી જાય તો કેવું સારું?

કેવી ભાવના! કેવો વિચાર!

આવી બાબતમાં પોતાને તો નથી હોતું પાઇનું હાંસલ કે ખોટ! કેવળ બીજા આપણા કરતા કેમ નીચા લાગે! બસ, આવી જ એક ભાવના હૃદયમાં ઘર કરીને બેસે છે.

શ્રીપાળ રાજા પાસે સંપત્તિ અને સુખ જોઇને ધવલશેઠના હૃદયમાં ઇર્ષાનો અગ્નિ પ્રજ્વલિત થવા લાગ્યો. તેણે શું ઇચ્છયું? "શ્રીપાળને મારી નાખી તેની સર્વ સંપત્તિનો હું સ્વામી થાઉં."

કેવી હલકટ ભાવના!

બીજાની ચડતીને ન સાંખી શકનાર ધવલશેઠે કર્યું કાવત્રું.

પરિણામ...! નીસરણી પર ચડતાં પગ લપસ્યો ને પડી જતાં ધવલશેઠનું પ્રાણપંખેરું ઊડી ગયું.

કપટનો કેવો કરુણ અંજામ! સાચને આંચ હોતી નથી. કહેનારે તો સાચું જ કહ્યું છે કે:-

**ઇચ્છે જેવું અવરનું, તેવું પોતાનું થાય;**
**ન માનો તો કરી જુઓ, જેથી તુર્ત જણાય.**

અશુભ ભાવના હોય તો આવું પરિણામ આવે. પણ જો શુભ ભાવના જ ભાવતા હોઇએ તો કેવું પરિણામ આવે, તે શાસ્ત્રકારો ચાર ચોરની વાતથી આપણને સમજાવે છે.

કોઇ એક શહેરમાં એક વણિક રહેતો હતો. તેને ત્યાં દુકાન હતી પણ આવક ન હતી, તેથી તેણે વિચાર્યું કે-"અહીં બેઠા લક્ષ્મી મળશે નહિ, માટે દૂર જ્યાં ભીલ લોકો રહે છે ત્યાં દુકાન કરું; જો દૈવયોગે ત્યાં વેપાર સારો ચાલે તો." તેણે ભીલોના વાસ પાસે એક દુકાન માંડી. થોડા વખતમાં ઘણું દ્રવ્ય એકઠું થઇ ગયું. શેઠની આ રિદ્ધિસિદ્ધિ જોઇ ત્યાં રહેતા બે-ચાર તેજોદ્વેષી લોકોને થયું કે-'માળું! આ વાણીયાએ તો મૂડી એકઠી કરી લીધી. હવે આ અહીં નહિ રહે ને શહેરમાં ચાલ્યો જશે, માટે આમ થવા ન દેવું ને ધનહરણ કરવું."

તેઓ તો રાત્રે શેઠને ત્યાં ચોરી કરવા ગયા, પણ તેઓ તો ત્યાંનું દૃશ્ય જોઇ સ્થંભિત થઇ ગયા. શું હતું?

સંસારમાં રહીને માણસની પ્રકૃતિ એવી થઇ જાય છે કે જ્યારે સુખ-સાહ્યબી હોય ત્યારે રંગરાગ ગમે છે. સુખમાં સોની ને દુઃખમાં રામ! જ્યારે સુખ દુઃખરૂપ બને ત્યારે કેવળ હાયવોય! હોય ત્યારે તાનામાના અને ન હોય ત્યારે છાનામાના! પણ પૂર્વપુણ્યના યોગે કેટલાક ધર્મી જીવ રંગરાગને બદલે લક્ષ્મીનો સદુપયોગ કરતાં હોય છે. જ્યારે આ ચોરો ચોરી કરવા આવ્યા ત્યારે શેઠ દંપતિ સામાયિક કરતાં હતાં. શેઠ જાગતા હોય ત્યારે ચોરી શા રીતે થઇ શકે? શેઠ પણ વિચારે છે કે-"આ લોકો, ચોરી કરવા આવ્યા છે, પણ મારામાં જે ભાવરૂપી દ્રવ્ય છે તે ચોરવાની આ ચોરોમાં હિંમત નથી. હવે જો હું આ ભાવદ્રવ્ય પડતું મૂકીને પેલું દ્રવ્ય બચાવવા જઇશ તો ક્રોધ...લોભ...વિગેરે...આ ભાવદ્રવ્ય લૂંટી જશે, માટે પેલું દ્રવ્ય છો ને એ લઇ જતા!"

---

શકાતી હોય તે સઘળી રીતોનો સ્વીકાર કરવા માટે પરમ કારુણિક મહાપુરુષો સદા તૈયાર હોય એમાં લેશ માત્ર આશ્ચર્ય નથી પરંતુ ધ્યેય તો તેવી રીતો દ્વારા સર્વજ્ઞ વચનો પ્રત્યે દરેક આત્માને શ્રદ્ધાળુ બનાવવાનું હોવું જોઇએ, એ પણ સાથે સાથે ખ્યાલમાં રાખવું ખાસ જરૂરી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पुस्तकोनी पहोंच

**૧. શ્રી દશવૈકાલિક-લઘુવૃત્તિ** ( પ્રતાકાર ) પ્રકાશક-શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડના માનદ્મંત્રો શ્રી મોતીચંદભાઈ મગનલાલભાઈ ચોકસી–સુરત. સંપાદક–મુનિરાજ શ્રી કંચનવિજયજી તથા મુનિરાજશ્રી ક્ષેમંકરસાગર. પ્રતાકાર પૃષ્ઠ ૨૭૫. હોલક્લોથ પાકી બંધાઈ, મૂલ્ય રૂા. ત્રણ

શ્રુતકેવલી શ્રી શય્યંભવસૂરિરચિત શ્રી દશવૈકાલિકસૂત્ર ઉપર ઘણી ટીકાઓ રચાઈ છે. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ "શિષ્યબોધિની" નામની બૃહદ્ ટીકા રચી હતી; તે ટીકા ઉપરથી શ્રી સુમતિસાધુસૂરિએ શ્રી દશવૈકાલિકસૂત્ર મૂળ ઉપર જ લઘુવૃત્તિ રચી હતી, જે આ પ્રતમાં મુદ્રિત કરવામાં આવેલ છે. પોતાના પુત્ર મનકને દીક્ષા આપ્યા બાદ તેનું છ મહિના માત્રનું જ આયુષ્ય જોતાં તેના ઉદ્ધારને માટે શ્રુતકેવલી શ્રી શય્યંભવસૂરિએ શ્રી દશવૈકાલિકસૂત્રનો ૭૦૦ શ્લોકપ્રમાણ રચના કરી અને તેમાં સાધુઓના આચારને લગતો સમાવેશ કરવામાં આવ્યો છે. કુલ દશ અધ્યયનો છે, તેમાં ચાર અધ્યયનો તો દરેક સાધુ–મુનિરાજે પ્રતિદિન અવશ્ય ભણવાં જ જોઈએ. પ્રકાશક તેમજ સંપાદક મુનિવરોનો પ્રયાસ પ્રશંસનીય છે.

**૨. વંદનપ્રતિક્રમણાવચૂરિ**—(પ્રતાકાર) પ્રકાશક ને સંપાદકો ઉપર પ્રમાણે. પ્રતાકાર પૃષ્ઠ આશરે ૬૫, કીંમત રૂપિયો દોઢ.

આ અવચૂરિના કર્તા કોણ છે તેનો નિર્દેશ ઉપલબ્ધ થતો નથી. છ આવશ્યક પૈકી વંદન અને પ્રતિક્રમણ નામના બે આવશ્યકોને લગતી હકીકતોનું આમાં વિવેચન કરવામાં આવ્યું છે. શ્રાવકવર્ગને સમજવા તથા આચરણ કરવા માટે આ ઉત્તમ સાધન છે.

**૩. અલ્પ પરિચિત સૈદ્ધાંતિક શબ્દકોષ**—(સ્વર સુધીનો પ્રથમ વિભાગ) પ્રકાશક અને સંપાદકો ઉપર પ્રમાણે. ક્રાઉન આઠપેજી પૃષ્ઠ ૨૭૫ આશરે, પાકું હોલક્લોથ બાઇન્ડીંગ. મૂલ્ય રૂપિયા ૭.

આ શબ્દકોષના સંકલનકર્તા આગમોદ્ધારક પૂજ્ય આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ છે. કોષોને લગતા ઘણા ગ્રંથો બહાર પડ્યા છે, પણ તે સર્વ કરતાં આ કોષની ઉપયોગિતા તેમ જ વિશિષ્ટતા પણ છે. બીજા કોષોમાં ઘણા પરિશ્રમે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે, જ્યારે આ કોષમાં પૂજ્ય આચાર્ય મહારાજે સરલ શૈલી અપનાવી છે જેથી જિજ્ઞાસુને તરત જ વસ્તુ મળી આવે છે. આ પ્રથમ વિભાગ સ્વર માત્રનો જ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. પ્રયાસ અનુમોદનીય અને પ્રશંસનીય છે.

---

આમ વિચારી તેઓ ઉપરાઉપરી સામાયિક તેમજ નવકારમંત્ર ગણવા લાગ્યા. ચોર લોકોમાં ઊહાપોહ થયો. તેમને થયું કે–આ લોકો કેવી શુભ કરણી કરે છે! તેઓ શુભ ભાવના ભાવતા ગયા. તેમને જાતિસ્મરણજ્ઞાન થયું. સવાર થયું ત્યાં તો તેઓ શુભ ભાવનાને પરિણામે તેમજ પૂર્વ પુણ્યના યોગે કેવળજ્ઞાનને પામ્યા. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. આ રીતે તેઓએ પોતાનો જન્મ સાર્થક કર્યો.

પ્રભુદર્શનના દોહરામાં-પણ કહ્યું જ છે કે:–

**ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન;**
**ભાવે જિનવર પૂજીએ, ભાવે કેવળજ્ઞાન.**

જુઓ, અહીં ખ્યાલમાં રાખવાનું પણ કેવું છે કે–ધવલશેઠ જેવું નામ, પાસે અખૂટ સાહ્યબી પણ અશુભ ભાવનાને પરિણામે શું થયું? જ્યારે ઉપર્યુક્ત દૃષ્ટાંતમાં હતાં તો ચોર...ધંધો પણ કેવો...પણ શુભ ભાવના ભાવતા અને શેઠની કરણીની અનુમોદના કરતાં કરતાં છેવટે મોક્ષપદને પામ્યા.

આપણે પણ કલુષિત વાતાવરણથી નિર્લેપ રહી, સૌનું કલ્યાણ ઇચ્છીએ અને સદ્ભાવનાશીલ બનીએ એ જ મંગલ ભાવના...



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪. નાકોડા તીર્થ, ૫. શ્રી જૈન તીર્થ-આબુ અને [illegible] માટે ૬. રોહીડા તીર્થ— પ્રકાશક—શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા—ભાવનગર. લેખક—મુનિરાજ શ્રી વિશાળવિજયજી મહારાજ. કિંમત અનુક્રમે ૭ આના, ૭ આના અને ચાર આના.

લેખક મુનિરાજશ્રી તેમના ગુરુવર્ય મુનિરાજશ્રી જયંતવિજયજીની માફક ઇતિહાસના સારા અભ્યાસી અને સંશોધક છે. તેઓશ્રીએ આવાં નાના નાના ટ્રેક્ટો બહાર પાડી અંધારામાં રહેલ ઇતિહાસને જનતા સમક્ષ રજૂ કર્યો છે. આ દિશામાં તેઓશ્રીનો પ્રયાસ હજી ચાલુ જ છે અને વિવિધ સ્થળોનો [illegible] ઇતિહાસ મેળવી તેને પ્રસિદ્ધ કરવાની તેઓશ્રીની ભાવના પ્રશંસનીય છે.

## ખેદકારક સ્વર્ગવાસ

વરતેજનિવાસી અને વ્યાપારાર્થે કોચીન જેવા દૂર પ્રદેશમાં જઈ સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર શ્રી પ્રભુદાસ મેરાજભાઈ ૭૦ વર્ષની વયે જેઠ વદ ૧૦ ને મંગળવારના રોજ ભાવનગર-ખાતે પંદરેક દિવસની બીમારી ભોગવીને હૃદયરોગના હુમલાથી સ્વર્ગવાસી થયા છે. તેઓ વરતેજખાતે નિવૃત્તિપરાયણ જીવન ગાળતા હતા અને ધાર્મિક વાંચનમનનમાં સારો રસ ધરાવતા હતા. વરતેજખાતે પધારતાં સાધુ-સાધ્વીઓની વૈયાવચ્ચમાં તેમજ ધાર્મિક કાર્યોમાં તેઓ ઉમંગથી ભાગ લેતા. તેઓ વર્ષોથી આપણી સભાના લાઇફ મેમ્બર હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી સ્વર્ગસ્થના આપ્તજનો પરત્વે દિલસોજી દર્શાવીએ છીએ.


## શ્રી આનંદઘનજીનું દિવ્ય જિન માર્ગદર્શન અને પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા

લેખક-વિવેચક : ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

"શ્રી જૈનધર્મ પ્રકાશ"નો વાચક શ્રી ભગવાનદાસભાઈથી ભાગ્યે જ અપરિચિત હશે. તેઓશ્રી "પ્રકાશ"માં આત્મજાગૃતિ અને તત્ત્વસંવેદનારૂપ લેખો લખી પોતાની કલમનો કૃપાપ્રસાદ પીરસી રહ્યા છે. આ પુસ્તકનું પ્રકાશન પણ "શ્રી જૈનધર્મ પ્રકાશ"માં તેઓશ્રીની લેખમાળારૂપે પ્રકાશિત થયેલા લેખોનું જ છે. ફક્ત શ્રી અજિતનાથ અને શ્રી સંભવનાથ એ બે પ્રભુના સ્તવનને અંગે તેઓશ્રીએ લગભગ સાડા ત્રણસો પાનામાં રોચક ને હૃદયંગમ શૈલીએ વિવેચન કર્યું છે.

આશરે ૪૦૦ પૃષ્ઠના પાકા હૉલક્લોથ બાઈડીંગના આ પુસ્તકની કીંમત પ્રચારાર્થે માત્ર રૂા. દોઢ

લખો:— જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.

બાળકોના જીવનમાં ઉત્તમ સંસ્કારો રેડવા માટે

## સંસ્કારનું વાવેતર

લખો :—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

અવશ્ય મંગાવો મૂલ્ય : ચાર આના


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 15

નૂતન પ્રકાશન [ શ્રી મહાવીર જૈન વિદ્યાલય પ્રકાશન ] અવશ્ય મંગાવો

## શ્રી આનંદઘનજીનાં પદો

[ ભાવાર્થ અને વિસ્તૃત વિવેચન સાથે ]

સ્વ. શ્રી મોતીચંદભાઈએ વર્ષો પૂર્વે લખેલ અને આપણી સભાએ છપાવેલ આ અપૂર્વ ગ્રંથ કેટલાય વર્ષોથી મળતો નહોતો તે તાજેતરમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયે સ્વ. મોતીચંદભાઈ ગ્રંથમાળાના ત્રીજા મણકા તરીકે પ્રસિદ્ધ કરેલ છે. આ અપૂર્વ ગ્રંથને માટે કંઇ પણ વિશેષ લખવાની જરૂર નથી.

પચ્ચાસ પદોનું સવિસ્તૃત વિવેચન તેમજ શ્રીમદ્ આનંદઘનજીના જીવન અંગેનું હૃદયંગમ તલસ્પર્શી વિવેચન તથા તત્કાલીન મહાપુરુષોનો પરિચય આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

પાકું હોલક્લોથ, બાઇંડીંગ, ૬૦૦ પૃષ્ઠ, સુંદર છપાઈ છતાં મૂલ્ય માત્ર રૂા. સાડાસાત

લખો:-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

— પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીકે છે —

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે, આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપ આપની નકલ તરત જ મંગાવી લેશો.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો:-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

## પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા

કર્તા ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

મુમુક્ષુઓને માટે આ પુસ્તક સારું માર્ગદર્શક છે. એકસો શિક્ષાપાઠો આપી તેમાં વિવિધ વિષયો તેમજ ગુણોનું સુંદર આલેખન કર્યું છે. છેલ્લે હિતકારક પ્રશ્નોત્તરો આપી સામાન્ય વાચક પણ સમજી શકે તેવી શૈલીએ નિરૂપણ કરવામાં આવ્યું છે. પુસ્તક વાંચવા યોગ્ય છે. ક્રાઉન સોળપેજી ૪૦૦ પૃષ્ઠ, પાકું હોલક્લોથ બાઈન્ડીગ, મૂલ્ય રૂપિયા ચાર. પોસ્ટેજ જુદું. લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

મુદ્રક : સાધના મુદ્રણાલય : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only